## ------ગુજરાત પોલીસ અધિનિયમ -૧૯૫૧ ની કલમ -૩૩(૧)(ખ) અન્વયે જાહેરનામું---

નં.ડી.સી./પી.ઓ.એલ./ટ્રાફીક/જાહેરનામું/૩૩(૧)(ખ)/૩૮૪ થી ૩૮૯/૨૦૧૯ તા.૨૭/૦૭/૨૦૧૯

વંચાણે લીધા:

(૧)મે.રોડ સેફટી કમિશ્નર,ગુજરાત રોડ સેફટી ઓથોરીટી, ગુજરાત રાજય ,ગાંધીનગરના હુકમ ક્રમાંક:૨૬/૨૦૧૯ તા: ૦૩/૦૭/૨૦૧૯

(૨) પોલીસ અધિક્ષકશ્રી,અરવલ્લી મોડાસાના પત્ર નં ટ્રાફિક/અરજ/૨૪૭/૨૦૧૯ તા: ૧૯/૦૬/૨૦૧૯

(૩)ગુજરાત પોલીસ અધિનિયમ -૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ)

(૪)મોટર વ્હિકલ અધિનિયમ -૧૯૮૮

### જાહેરનામું

વંચાણે (૧) અન્વયે નવરચિત અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા વહીવટી કેન્દ્ર,શૈક્ષણીક કેન્દ્ર તેમજ જિલ્લાના તમામ વિભાગની સરકારી વડી કચેરીઓ આવેલ હોય તેમજ શહેરના ઝડપથી થતા વિકાસના કારણે વધતા જતા ટ્રાફીકના કારણે જાહેર રોડ ઉપર ટ્રાફીકની ગીચતા દીન પ્રતિદિન વધતી જાય છે.વધુમાં, અરવલ્લી જિલ્લામાંથી પસાર થતા બાયડ-ધનસુરા -મોડાસા હાઇવે એ સ્ટેટ હાઇવે-૫૯ નો ભાગ છે. જે હાઇવેની આજુબાજુ નાના શહેરો જેવા કે બાયડ,ધનસુરા,અને મોડાસાનો વિકાસ થયેલો છે. આથી હાઇવેની બંને તરફ આ શહેરોના બજાર વિસ્તાર વિકસેલા હોવાથી રસ્તાની બંને બાજુ દુકાનો, પેટ્રોલપંપ, હોસ્પિટલ,,બસ ડેપો, પોલીસ સ્ટેશન,બેંક વેગેરે આવેલા છે.જેના કારણે જાહેર માર્ગો પર શહેરી વિસ્તારના લોકોની અવર-જવર ખૂબ વધી ગયેલ છે.વધુમાં, અરવલ્લી જિલ્લાને રાજસ્થાન રાજયની સરહદ સ્પર્શતી હોઇ ભારે વાહનોનું વ્યાપક પ્રમાણમાં અત્રેના જિલ્લામાં દિન-પ્રતિદિન આવાગમન વધી રહેલ છે.

અત્રેના જિલ્લામાંથી મોડાસા બાયપાસથી વાયા ગોધરા -વડોદરા થઇ મુંબઇ તરફ જતા નેશનલ હાઇવે પર ટોલ ટેક્ષ ભરવો પડે છે. જે બચાવવા માટે ભારે કોમર્શીયલ વાહનો મોડાસા -ધનસુરા-બાયડ વાયા ડાકોર થઇને સીધા વડોદરા તરફ જતા હોય છે. અને સ્ટેટ હાઇવે-૫૯ એ ડીવાઇડર વગરનો ૨-ટ્રેકનો (૨-લેનનો) હાઇવે માર્ગ છે. આથી, સ્ટેટ હાઈવે-૫૯ પર વ્યાપક પ્રમાણમાં ટ્રાફીક તથા તેના કારણે અવારનવાર અકસ્માતો થતા હોવાની રજુઆતો લોકો તરફથી મળેલ હોઇ તા: ૨૬/૦૬/૨૦૧૯ ના રોજ ગુજરાત રોડ સેફટી ઓથોરીટીના રીજીયોનલ ઓફીસર દ્વારા લીધેલ મુલાકાતના અહેવાલ આધારે તેમજ જાહેર જનતાના જાહેરહિતને ધ્યાનમાં રાખીને ગુજરાત રોડ સેફટી ઓથોરીટીએ બાયડ-ધનસુરા-મોડાસા સ્ટેટ હાઇવે-૫૯ પર વાહનોની ગીચતા ઘટાડવાના પ્રયાસરૂપે વંચાણ (૧)ના હુકમથી કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટને શામળાજીથી આવતા ભારે વાહનોને ગોધરા તરફના નેશનલ હાઇવે પર ડાયવર્ટ કરવાનું જાહેરનામું બહાર પાડવા આદેશ થઇ આવેલ છે.

સ્ટેટ હાઇવે-૫૯ (મોડાસા-ધનસુરા-બાયડ-નડીયાદ) હાઈવે પર અવારનવાર થતા ટ્રાફીક તેમજ વધેલ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા હાઈવે સંલગ્ન ગામોની પંચાયત દ્વારા, બાયડ નગરપાલિકા તેમજ સ્થાનિક અગ્રણીઓ તથા જિલ્લા કક્ષાની ટ્રાફિક સલાહકાર સમિતિ/ પોલીસ સલાહકાર સમિતીના બીન સરકારી/સરકારી સભ્યો દ્વારા પણ રજૂઆતો કરવામાં આવેલ છે. તેમજ અલગ-અલગ સત્તામંડળો સમક્ષ પણ આ અંગે લેખિતમાં રજૂઆત કરવામાં આવેલ છે.

વંચાણ (૨)-અન્વયે પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લીના તા.૧૯/૦૬/૨૦૧૯ ના અહેવાલથી. ભારે કોમર્શીયલ વાહનો સહયોગ ચોકડીથી બાયપાસ રોડ પર થઈને સ્ટેટ હાઇવે -૫૯ (મોડાસા-ધનસુરા-બાયડ-નડીયાદ) દ્વી-માર્ગી



Scanned by CamScanner

રસ્તેથી પસાર થઈ ધનસુરા ગામના બજાર વચ્ચેથી પસાર થઇ આગળ જતાં બાયડ નગર વચ્ચેથી પણ આ ભારે વાહનો પસાર થતા ટ્રાફીકજામના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. શાળાએ જતા બાળકોને પણ આ ભારે વાહનોને કારણે જોખમ ઉપસ્થિત થાય છે. અને આગળ જતાં ડેમાઈ ગામના મધ્યમાંથી ભારે વાહનો પસાર થાય છે. આમ, સમગ્ર રસ્તા પર આવતાં ગામ/નગરપાલિકાના બજારોમાંથી આવા ભારે વાહનો પસાર થવાને કારણે દિવસ દરમ્યાન ટ્રાફીક જામના પ્રશ્નો ઉપસ્થિત થાય છે.અને અવાર-નવાર અકસ્માતો પણ સર્જાય છે. સ્ટેટ હાઇવે -૫૯ (મોડાસા-ધનસુરા-બાયડ)ને જોડતો આ એકમાત્ર ધોરીમાર્ગ છે. આ ધોરીમાર્ગ પર ભારે વાહનોના સતત આવન-જાવનને કારણે ટ્રાફીક સર્જાતાં લોકોને  દિવસ દરમ્યાન પારાવાર મુશ્કેલીઓ ઉભી થાય છે. પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લી દ્વારા એવો અહેવાલ આપેલ છે કે છેલ્લા ૫ વર્ષમાં મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનની હદ સહયોગ ચોકડી બાયપાસથી બાયડ પોલીસ સ્ટેશનની હદ સુધીમાં ૪૮ કિ.મી.ના માર્ગમાં વર્ષ ૨૦૧૧થી ૨૦૧૮ સુધીમાં ફેટલ અકસ્માત કુલ-૨૧૨, સીરીયસ અકસ્માતના કુલ-૫૫ તથા માયનોર અકસ્માતના કુલ-૧૬૨ બનાવ બનેલ છે. આથી મુશ્કેલીઓ નિવારવા તેમજ અકસ્માતનું પ્રમાણ ઘટાડવા ચોકકસ પ્રકારના વાહનોના પરિવહનને નિયત સમય દરમ્યાન નિયંત્રિત કરવા જરૂરી જણાય છે.

આ ઉપરાંત, ભૂતકાળમાં સ્ટેટ હાઇવે -૫૯ પર ધનસુરા નજીક એક લોડેડ ટ્રકમાં આગ લાગેલ હતી જેમાં મોટી જાનહાનિ થવાની શક્યતા રહેલ હતી તથા સ્ટેટ હાઇવે -૫૯ પર ગામડા/ટાઉનની સંખ્યા વધારે હોઈ હાઈવે નજીક દુકાનદારો હોઈ વધુ ભીડભાડ રહેતી હોઈ આવા અકસ્માતના સમયે મૃત્યુઆંક પણ ઉંચો જઈ શકે છે તથા સ્ટેટ હાઇવે -૫૯ પર પરના વાહનવ્યવહારમાં મોટભાગની ટ્રકો/ટ્રેઈલરોમાં કેમીકલ/પેટ્રોલીયમ પેદાશો/ગેસનું વહન થતું હોય છે અને આ વહન દરમ્યાન જો કોઈ અકસ્માત થાય તો તેવા સંજોગોમાં માનવ અવરજવર વિશેષ હોઈ મૃત્યુંઆંક પણ ઘણો જ ઉપર જવાની શક્યતાઓ રહેલી છે તથા અંબાજી ખાતે જતા પદયાત્રીઓની સંખ્યા પણ સ્ટેટ હાઇવે -૫૯ પર વિશેષ રહે છે. અને ભૂતકાળમાં પદયાત્રીઓને થયેલા અકસ્માતના કારણે ઉશ્કેરાયેલ ટોળાએ વાહનચાલકને ખૂબજ માર મારેલ હતો અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળે તેવા પ્રશ્નો પણ ઉપસ્થિત થયેલ હતા. આમ, ઉપરોક્ત ત્રણેય સંજોગોમાં જો સ્ટેટ હાઇવે -૫૯ પર કોઈ અકસ્માત સર્જાય તો દુર્ઘટનાઓની  સંખ્યા મહત્તમ થઈ શકવાની શક્યતા નકારી શકાય તેમ નથી. આમ, મોડાસા-સહયોગચોકડીથી ગોધરા સ્ટેટ હાઇવે નં-૫ ઉપર ભારે વાહનોને સવારે ૫:૦૦ કલાકથી રાત્રે ૨૩:૦૦ કલાક સુધી ભારે વાહનોને સ્ટેટ હાઇવે નં-૫૯ મોડાસા-ધનસુરા-બાયડ અવરજવર પર  પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

આથી, ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લઈ સ્ટેટ હાઇવે -૫૯ (મોડાસા-ધનસુરા-બાયડ-નડીયાદ) હાઈવે પર ભારે કોમર્શીયલ વાહનોનાકારણે વધેલ ટ્રાફિક ભારણને અંકુશમાં લાવવા, ટ્રાફિક સમસ્યાઓ/ ગંભીર અકસ્માતો નિવારવા, ધાર્મિક પ્રસંગો દરમ્યાન પગપાળા ચાલતા શ્રધ્ધાળુઓની સગવડ/સલામતી સાચવવા તથા આમ જનતાની સુખાકારી જળવાય તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) (ખ) હેઠળ પ્રાથમિક જાહેરનામું જાહેરહિતમાં અમલમાં લાવવાનું મને ઉચિત જણાય છે,.

**આથી હું એમ.નાગરાજન આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) (ખ) હેઠળ મળેલ સત્તાની રૂએ:**

"મોટર વ્હીકલ એક્ટ-૧૯૮૮ મુજબ ભારે વાહનની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતા તમામ પ્રકારના નોંધાયેલા વાહનોને તા.૨૯/૦૭/૨૦૧૯ થી ૦૦:૦૦ કલાકથી "સ્ટેટ હાઇવે -૫૯ (મોડાસા-ધનસુરા-બાયડ-નડીયાદ)હાઈવે પરથી મોડાસા સહયોગ ચોકડીથી ધનસુરા-બાયડ તરફ અરવલ્લી જિલ્લાની હદ સુધી ગુજરાત રોડ સેફટી ઓથોરીટીના હુકમ મુજબ પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. સદર વાહનોને પ્રવેશ  કરવા માટે તેના વૈકલ્પિક ૪-માર્ગીય (ફોરલેન) સ્ટેટ હાઇવે-૫ (મોડાસા-માલપુર-લુણાવાડા-ગોધરા) અથવા નેશનલ હાઇવે-૪૮(શામળાજી-હિંમતનગર-ચિલોડા) હયાત ચારમાર્ગીય માર્ગમાંથી પસંદ કરેલ માર્ગ પરથી પ્રવેશ  કરવા આદેશ ફરમાવું છું".

Scanned by CamScanner

આ હુકમની તાત્કાલિક અસરથી અમલવારી કરવાની રહેશે. તથા હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કાયદેસરના પગલાં લેવામાં આવશે તથા ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની પ્રસિધ્ધ તમામ જાહેર સ્થળોએ પ્રવર્તમાન માધ્યમો દ્વારા જાહેરાત કરાવીને તથા દૈનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી અપાવવા માટે સહાયક માહિતી નિયામકશ્રી,અરવલ્લી મોડાસા અને પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી મોડાસાએ કરવાની રહેશે.માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) અરવલ્લી મોડાસાએ શામળાજી અને તે પછી આવતાં જંક્શનની શરૂઆત પહેલાં દેખી શકાય તેવી રીતે આ જાહેરનામું અમલમાં રહે ત્યાં સુધી કાયમી બહોળી પ્રસિધ્ધી કરવાની રહેશે.

આજ તા.૨૪ માહે જુલાઇ-૨૦૧૯ના રોજ મારી સહી તથા કચેરીની મહોર સાથે બહાર પાડ્યું

24-7-19

(એમ.નાગરાજન)
જિલ્લા મેજીસ્ટ્રેટ,અરવલ્લી
મોડાસા

પ્રતિ,

- પોલીસ ઇન્સ્પેકટરશ્રી/સબ ઇન્સપેકટરશ્રી (મારફતે પોલીસ અધિકારીશ્રી)
- નાયબ પોલીસ અધિક્ષકશ્રી મોડાસા
- એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી મોડાસા/ભીલોડા/મેઘરજ/માલપુર/બાયડ/ધનસુરા
- સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી મોડાસા/બાયડ
- પોલીસ ઇન્સપેકટરશ્રી સી.આઇ.ડી.(આઇ.બી.)મોડાસા.
- સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી, અરવલ્લી , મોડાસા

<u>નકલ જય ભારત સહ રવાના</u>:- (જાણ તેમજ પ્રસિધ્ધિ સારૂ)

- પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લી મોડાસા.

  ૨/-આ જાહેરનામાની ૨૦ નકલો સામેલ છે.જેની સંબંધિત થાણા અમલદારોને બજવણી સારૂ. તથા આગળની કાર્યવાહી થવા સારૂ.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી અરવલ્લી જિલ્લા પંચાયત,મોડાસા
- જિલ્લા સેશન્સ જજશ્રી મોડાસા અરવલ્લી
- જ્યુડીશીયલમેજીસ્ટ્રેટશ્રીફ.ક.મોડાસા/ભીલોડા/બાયડ /મેઘરજ/ધનસુરા/માલપુર
- વ્યવસ્થાપકશ્રી ,સરકારી છાપકામ અને લેખન સામગ્રી વિભાગ,વડોદરા.

  ૨/- જાહેરનામું ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.
- સહાયક માહિતી નિયામકશ્રી,અરવલ્લી મોડાસા તરફ

  ૨/- સદર જાહેરનામું દૈનિક સમાચાર પત્રોમાં તથા જિલ્લામાંથી પ્રસિધ્ધ થતાં સાપ્તાહિકો,પાક્ષિકોમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરવા સારૂ.

Scanned by CamScanner